ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૬.૫ ડીગ્રી
લઘુતમ : ૧૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૫૮ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં ઠલવાયા સ્વાસ્થ્યવર્ધક જામફળ

જામફળ ત્વચાના તમામ રોગોને દૂર કરવાની સાથે કેન્સર જેવી ગંભીર બીમારીનો ઈલાજ કરે તેવું ફળ છે

ગાંધીનગર, તા.૧૮

શહેરમાં ઠેર ઠેર લારીઓમાં જામફળના ઢગલાં જોવા મળી રહ્યા છે. સ્વાસ્થ્ય માટે ગુણકારી એવા શિયાળુ જામફળની શહેરીજનો ખરીદી કરી રહ્યા છે. માર્કેટમાં લીલાછમ જામફળનો ભાવ ૬૦ રૂપિયા કિલો ચાલી રહ્યો છે. જામફળની વાડીઓમાંથી ઢગલા બંધ જામફળો માર્કેટમાં ઠલવાઈ રહ્યા છે.

જામફળના નાના કદના ઝાડ કે જેને આપણે જામફળી કહીએ છીએ તે અલ્હાબાદ, બનારસ, મિરજાપુર તથા ગુજરાતમાં વડોદરા, ધોળકા, પાદરા, મહુવામાં ઘણાં થાય છે. જામફળ બે જાતના સફેદ ગર્ભવાળા અને લાલ ગુલાબી ગર્ભવાળા જોવા મળે છે. જેમાં સફેદ જાતના જામફળ વધારે મીઠાં હોય છે. પાકાં જામફળ સ્વાદમાં ખટમીઠ્ઠા, ઠંડા, કફ વધારનારા પચવામાં ભારે તથા હૃદય માટે હિતકારી છે. શિયાળુ ફળોમાં જામફળ એક સુલભ અને લોકપ્રિય ફળ છે.

જામફળ તેના પોષક દ્રવ્યોના કારણે ખૂબ મહત્વપૂર્ણ ગણાય છે. આ ઉપરાંત તેમાં વિટામિન્સ પણ સામેલ હોય છે. ખાસ કરીને વિટામિન-સી ભરપૂર માત્રામાં હોવાથી તે એન્ટિ સ્કોરબ્યુટિક છે. આ ઉપરાંત જામફળ એન્ટિડાયેરિયલ, એન્ટિબેકટેરિયલ, એન્ટિ ઓકિસડન્ટ, એન્ટિ સ્પાસમોડીક, એન્ટિ ઈન્ફલેમેટરી, એન્ટિ એનેમિક, હેમોસ્ટેટિક ગુણધર્મ ધરાવે છે. જેના કારણે તે અત્યંત આરોગ્યપ્રદ ફળ ગણાય છે. ખટ મીઠું આ ફળ સલાડમાં ઉમેરવાથી તેનો સ્વાદ વધી જાય છે તો તેનું શાક પણ ખૂબ સ્વાદિષ્ટ લાગે છે. જામફળના વૃક્ષનાં પાન પણ

ખૂબ ઉપયોગી છે. કેરિફાયલીન, નેરોલિડીયોલ, બીટા બિસાબોલેન, અરોમાન્ડ્રેનો, પી-સેલીનેન જેવા એસેન્શિયલ ઓઈલ પણ ઉપલબ્ધ છે.

જામફળમાં પાણીનું પ્રમાણ ૭૬.૧%, પ્રોટીન ૧.૫%, ચરબી ૦.૨%, કાર્બોહાઈડ્રેટ ૧૪.૫%,, કેલ્શિયમ ૦.૦૧%, ફોસ્ફરસ ૦.૦૪% હોય છે. ૧૦૦ ગ્રામ જામફળમાં ૧ મિલિગ્રામ આયર્ન અને ૩૦૦ મિલિગ્રામ વિટામીન સી હોય છે. આમળા પછી મોટા ભાગે વિટામીન સી જામફળમાં જોવા મળે છે. જામફળને છાલ સાથે ખાવા પાછળનું એક કારણ એ પણ છે કે છાલમાં વિટામીન સી સૌથી વધુ હોય છે. જામફળ વધારે પ્રમાણમાં પકાવવામાં આવે તો વિટામીન સીનું પ્રમાણ ઘટવાનું શરૂ થાય છે.

●● જામફળના ફાયદા ●●

● જામફળના સેવનથી લોહીમાં શુગરનું સ્તર ઓછું થઈ જાય છે.

● ફાઈબર વધારે માત્રામાં હોય છે. જે શુગર પચાવવામાં અને ઈન્સ્યુલિન વધારવામાં મદદ કરે છે.

● દાંતમાં દુખાવો થતો હોય તો જામફળના પાનને આથીને ખાવાથી ખૂબ જ રાહત થાય છે.

● વિટામીન સી નો ભંડાર છે.

● શરીરની રોગ પ્રતિરોધક ક્ષમતા વધારે છે.

● પાચન તંત્ર મજબૂત બને છે.

● કબજિયાતની સમસ્યાથી બચવા માટે સંચળ સાથે જામફળનું સેવન કરવું જોઈએ.

● બ્લડપ્રેશરના સંતુલન માટે ફાયદાકારક છે.

● શરીરમાં કોલેસ્ટ્રોલનું સ્તર ઓછું કરવામાં ઉપયોગી છે.

● આયોડીન સારી માત્રામાં હોય છે.

● થાયરોઈડની સમસ્યામાં આરામ મળે છે.

● લોહીનો સ્ત્રાવ વધારે છે.

● ત્વચાના કેન્સરથી રક્ષણ કરે છે.

જન્મદિને વધામણી

નિશિત વ્યાસ
જનરલ સેક્રેટરી
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ
મો. ૯૮૨૪૦ ૩૧૯૯૯

વિનોદ સુંદેશા
મો. ૯૮૯૮૩ ૧૨૦૭૫

દિવ્યાંશી રણછોડસિંહ રથવી

ડાહ્યાભાઈ લલ્લુભાઈ પારેખ
મો. ૯૬૦૧૧ ૫૧૭૪૯

એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલના બાળકોએ એસ.પી. ઓફિસની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૮

એ.વી.વી.સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા સેક્ટર-૨૭ માં આવેલી એસ.પી. ઓફિસ માં વિઝીટ કરવામાં આવી હતી. પોલીસ અધિક્ષકની કચેરીમાં વિદ્યાર્થીઓને બંદૂક નો ઉપયોગ ક્યારે અને કઈ રીતે કરવો, ડોગ શો, ઈન્વેસ્ટિગેશન તથા કોન્ફરન્સ હોલમાં દરેક પ્રકારની માહિતી પ્રદાન કરવામાં આવી હતી અને વિડિયો પણ બતાવવામાં આવ્યો હતો. પરમિશન તથા માર્ગદર્શન, જીવન આસ્થા લાઈઝન ઓફિસર તથા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રીપ્રવીણ વાલેરા સર દ્વારા આપવામાં આવેલ હતું. પ્રિયંકા અડાલજા દ્વારા ગુડ ટચ અને બૅડ ટચ વિશે માહિતી પ્રદાન કરવામાં આવી હતી. બાળકોમાં શિસ્ત, નિયમિતતા, દેશભક્તિ આ બધા જ ગુણો વિકસે તથા બાળકોના મનમાં પોલીસનો ડર ન રહે તે હેતુથી આ વિઝીટ કરવામાં આવી હતી. જેમાંથી બાળકોને ઘણું બધુ શીખવા મળ્યું હતું. એ.વી.વી.સ્કૂલના ડાયરેક્ટર તથા પરિવાર વતી એસ.પી શ્રીમયુર ચાવડા સર તથા જીવન આસ્થા લાઈઝન ઓફિસર તથા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રીપ્રવીણ વાલેરાનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો કે જેમણે બાળકોને ખૂબ જ ઉપયોગી એવી માહિતી પ્રદાન કરી હતી.

નભોઈ કેનાલમાં કૂદેલા દીકરાને બચાવવા પિતાએ ઝંપલાવ્યું, બંનેના મોત

ગાંધીનગર, તા.૧૮

નભોઈ નર્મદા કેનાલમાં કોઈ કારણસર પડતું મૂકનાર ૧૯ વર્ષીય પુત્રને બચાવવા માટે ૩૮ વર્ષીય પિતાએ પણ કેનાલમાં છલાંગ લગાવી હતી. બદનસીબે બંનેના ડૂબી જતાં મોત થયા હતા. પ્રાપ્ત વિગતો મુજબ, સુઘડ દરબાર વાસમાં રહેતા પ્રદીપસિંહ ઉમેદસિંહ ડાભી પંચાયત કચેરીએ ઈલેક્ટ્રીકનું કામ કામકાજ કરતા હતા. ગઈકાલે કોઈ કારણોસર તેમનો આશરે ૧૯ વર્ષીય પુત્ર સૌરભ નભોઈ કેનાલમાં દોડીને પડ્યો હતો. જેની પાછળ પ્રદીપસિંહ પણ એક્ટિવા લઈને કેનાલ પર આવી પહોંચ્યા હતા. કેનાલમાં પુત્રને ડૂબતો જોઈને પ્રદીપસિંહ પણ ચપ્પલ કાઢીને અંદર કૂદી પડ્યા હતા. જો કે ઉપરથી શાંત દેખાતા કેનાલના પાણીમાં બન્ને ડૂબવા લાગ્યા હતા. એ વખતે પરિવારજનો સહિતના ગ્રામજનો પણ કેનાલ પર દોડી આવ્યા હતા. સૌ લોકો એ બંનેએ ડૂબતા બચાવવા ઘણા પ્રયત્નો કર્યા હતા અને ચીસો પણ પાડી હતી. પરંતુ ઘડીકમાં પિતા પુત્ર ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.

એસ. કે.પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં સ્પોર્ટ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બુક બેલેન્સ, રનિંગ મોન્સ્ટર ફૂટ, બૅકવર્ડ વોકિંગ, થ્રો ધ બૉલ, મ્યુજિકલ ચેર, સ્ટોપ ધ બૉલ એન્ડ ટેક હેંકી વગેરે ગેમ્સમાં ભાગ લઈને બાળકોએ આનંદ પ્રાપ્ત કર્યો હતો.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. બાવીસી હંસાબેન બિપિનસિંહ,** ઉ.વ. ૭૩, સેક્ટર-૨
- **સ્વ. સોલંકી ભીખાજી મણાજી,** ઉ.વ. ૭૫, આલમપુર
- **સ્વ. રાવળ ધુળીબેન મફાભાઈ,** ઉ.વ. ૭૪, સેક્ટર-૪
- **સ્વ. વણકર રામાભાઈ નાનજીભાઈ,** ઉ.વ. ૭૪, વાવોલ
- **સ્વ. દરજી જગદીશચંદ્ર પુંજાલાલ,** ઉ.વ. ૬૬, વાવોલ
- **સ્વ. ડાભી સૌરવસિંહ પ્રદિપસિંહ,** ઉ.વ. ૧૮, સુઘડ

● રૂદ્રભૂમિ ●

- **સ્વ. પ્રજાપતિ જયંતિભાઈ શંકરભાઈ,** ઉ.વ. ૬૪, કુડાસણ
- **સ્વ. પટેલ રણછોડભાઈ જોઈતાભાઈ,** ઉ.વ. ૮૬, કુડાસણ
- **સ્વ. શાહ શારદાબેન અજીતકુમાર,** ઉ.વ. ૮૬, સેક્ટર-૨

બ્રહ્માકુમારીઝના દિવ્યતા સંપન્ન વર્ષ પ્રોજેકટનું આજે ઓનલાઈન લોન્ચીંગ

ગાંધીનગર, તા.૧૮

બ્રહ્માકુમારીઝ ગુજરાતના વર્ષ ૨૦૨૨ને 'દિવ્યતા સંપન્ન વર્ષ' તરીકે મનાવવાના પ્રોજેક્ટનું આજે ઓનલાઈન લોન્ચીંગ કરવામાં આવશે.

ઉક્ત પ્રોજેક્ટનું ઓનલાઈન લોન્ચીંગ રવિવાર, ૧૯, ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ સવારે ૬.૦૦ થી ૮.૩૦ દરમ્યાન રાખવામાં આવેલ છે. જેમાં યોગ અને નિયમિત મુરલી કલાસ બાદ પ્રોજેક્ટના લોન્ચિંગમાં ઉપસ્થિત સૌના દ્વારા કેન્ડલ લાઈટિંગ સાથે હૃદય પૂર્વક પરિવર્તનની પ્રતિજ્ઞા લેવામાં આવશે. સાથે સાથે અલગ અલગ બહેનો દ્વારા પ્રોજેક્ટનો પરિચય, પ્રોજેક્ટની વિગતવાર માહિતી, માસવાર સ્વ પુરુષાર્થની સંપૂર્ણ જાણકારી, શુભ પ્રેરણા અને દિવ્ય પ્રેરણા આપવામાં આવશે. આ કાર્યક્રમ બ્રહ્માકુમારીઝના સેવાકેન્દ્ર પર જ ઉપસ્થિત રહી નિહાળી શકાશે અને કેન્ડલ લાઈટિંગમાં સામેલ થઈ શકાશે. માટે રાજયોગીની બ્રહ્માકુમારી કૈલાશ દીદીજીએ સૌ બ્રહ્માકુમાર ભાઈ બહેનોને સેક્ટર.૨૮, ગાંધીનગર સેવાકેન્દ્ર પર અચૂક સમયસર હાજર રહી કાર્યક્રમનો લાભ લેવા ઈશ્વરીય નિમંત્રણ પાઠવેલ છે.

સરકારી વાણિજય કોલેજ ખાતે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૮

આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમની ઉજવણી ના ભાગરૂપે સરકારી વાણિજય કોલેજ સેક્ટર ૧૫ ગાંધીનગર ખાતે સી. ડબલ્યુ. ડી. સી. કમિટી તેમજ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગર તથા તાલુકા કાનૂની સેવા સમિતિ ગાંધીનગર ના સંયુક્ત ઉપક્રમે કાનૂની સેવાઓ બાબત ની જાગૃતિ ફેલાય તે હેતુસર 'કાનૂની શિક્ષણ શિબિર'નું આયોજન કરવામાં આવેલ હતું. જે અંતર્ગત પી.એલ.વી.જી. ગાંધીનગરના સભ્યશ્રી વિમળાબેન અયાચી તથા સુધીરભાઈ દેસાઈએ વિદ્યાર્થીઓને એન્ટી રેગિંગ લૉ, સ્ત્રીઓના હકો વગેરે ઉપર માર્ગદર્શન આપ્યું હતું. જેમાં કોલેજના ૨૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્યશ્રી ડૉ. એ. એન. સુતરીયા તેમજ પ્રો. એફ. એમ. મેસરવાલાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતું.

કોલવડા ખાતે મેગા આયુષ નિદાન સારવાર કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૮

કોલવડા ગામ ખાતે મેગા આયુષ નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ,જશુભાઈ પટેલ, શૈલેન્દ્રભાઈ પટેલ, સોનલબા વાઘેલા, કુંજલબેન ઠાકોર, ઘનશ્યામસિંહ વાઘેલા, કોલેજના આચાર્ય સ્વીટીબેન રૂપારેલ અને અન્ય ગામના આગેવાનોએ ઉપસ્થિત રહી કેમ્પનું ઉદઘાટન કર્યું હતું. રુચિરભાઈ ભટ્ટે કેમ્પ માટે શુભકામના પાઠવી હતી. આ કેમ્પમાં આયુર્વેદ સારવાર લેનાર લાભાર્થીની સંખ્યા ૫૩૧, હોમીયોપેથી સારવારના લાભાર્થીઓ ૧૦૪, ઉકાળાના લાભાર્થીઓ ૫૭૮, અગ્નિકર્મ સારવારના લાભાર્થી ૬૩ અને ડાયાબિટીસ તપાસના લાભાર્થી ૭૦ આમ કુલ લાભાર્થીની સંખ્યા ૧૨૪૬ની રહી હતી. જેમાં વૈદ્ય રાકેશ શુકલ, મિહિર વાજા, આશા પટેલ, દિનેશ ચૌધરી, ડૉ. દિશા પટેલ તથા હર્ષદ વાળંદ દ્વારા સેવા આપવામાં આવી હતી. હોસ્પિટલના નાયબ અધિક્ષક વૈદ્ય રાકેશ ભટ્ટે કોવલડા ગામ ખાતેના રહીશોનો ઉત્સાહભેર લાભ લઈ કેમ્પને સફળ બનાવવા બદલ આભાર માન્યો હતો.

ગાંધીનગરના આવકવેરા વિભાગે સાયકલોથોનમાં ભાગ લીધો

ગાંધીનગર, તા.૧૮

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ગત શુક્રવારે આવકવેરા વિભાગ દ્વારા અમદાવાદથી નડિયાદ સુધીની ૬૨ કિમીની સાઈકલોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું જેને મુખ્યમંત્રીએ લીલી ઝંડી દેખાડી પ્રસ્થાન કરાવ્યું હતું. સ્વતંત્રતા ચળવળના સમયે થયેલા ખેડા સત્યાગ્રહને ઉજાગર કરવાના હેતુથી આયોજીત આ સાઈકલોથોનમાં આવકવેરા વિભાગની ગાંધીનગર કચેરીના એડિશનલ કમિશનર ઓફ ઈકમટેક્સ બી. પી. શ્રીવાસ્તવે મંચ સંચાલન કર્યું હતું. આ ઉપરાંત સાઈકલોથોનમાં ગાંધીનગરના આવકવેરા અધિકારી ચંદુભાઈ વી. પરમાર તથા અન્ય સ્ટાફે પણ ભાગ લઈ સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી.

સે-૨૬ હનુમાનજી મંદિર ખાતે નવ દિવસીય રામકથાનો આરંભ

ગાંધીનગર, તા.૧૮

ભગવાન વિષ્ણુને પ્રિય એવા માગશર માસમાં ગ્રીનસીટી, સેકટર-૨૬ના રહીશો દ્વારા ગ્રીનસીટીમાં આવેલ હનુમાનજી મંદિરમાં રામકથાનું આયોજન કરેલ છે. જે તારીખ ૧૮ થી ૨૬ એમ નવ દિવસ સુધી પ્રફુલ્લદાસ બાપુ, મારૂતિધામ, વેડાની વ્યાસ પીઠે માનસ મારુતી હનુમાનજીના વિચારો પર સુંદર રામકથાનું આયોજન કર્યું છે. કથાનો સમય બપોરના ૨ થી ૪ કલાકનો છે. આ રામકથાનો લાભ ધર્મપ્રેમી ભકતજનોએ લેવા સે-૨૬ના રહીશોએ આમંત્રણ પાઠવ્યું છે.

જાયન્ટસ ગ્રુપ ઓફ સાહેલી દ્વારા હેપીનેસ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૮

જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર સાહેલી કેપીટલ સાહેલી તથા આર્ટ ઓફ લિવીંગ સંસ્થાના સંયુકત ઉપક્રમે હેપીનેસ કાર્યક્રમ યોજાયો હતો. જે સે-૨૨ના રંગમંચ પર યોજાયો હતો. જેમાં અંદાજીત ૫૦થી વધુ બહેનોએ ભાગ લીધો હતો અને આર્ટ ઓફ લિવિગ સંસ્થાના સ્મિતાબેન પટેલે હેપીનેસ કાર્યક્રમ અંતર્ગત બહેનોએ પોતાની વ્યકિતગત ખુશી માટે કરવામાં આવતા પ્રયત્નો વિશેની જાણકારી આપી હતી અને સ્ટ્રેસ મુકત થઈ રોજબરોજના જીવનમાં આનંદી રહેવા અને ખુશનુમા વાતાવરણ ઉભું કરવા વિશેની જાગૃતતા કેળવવાની વાતો કરી હતી. આ કાર્યક્રમમાં સાહેલી ગ્રુપના પ્રમુખ સ્નેહાબેન પટેલ, ગાયત્રીબેન પટેલ, સ્મિતાબેન પટેલ, વિમલાબેન પટેલ, કોકીલાબેન પટેલ, જયશ્રીબેન પટેલ, પીંકીબેન પટેલ વિગેરે બહેનોએ ઉત્સાહભેર હાજર રહી પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો.

કલોલની સરકારી શાળાના બાળકોએ ગિનીસ વર્લ્ડ રેકોર્ડમાં ભાગ લીધો

ગાંધીનગર, તા. ૧૮

સાંતેજ પ્રાથમિક શાળાના બાળકોએ આંતરરાષ્ટ્રીયકક્ષાના વિજ્ઞાન મેળામાં ઓનલાઈન માધ્યમથી ગિનીસ વર્લ્ડ રેકોર્ડમાં ભાગ લઈ સમગ્ર ગુજરાતની તમામ સરકારી પ્રાથમિક શાળાઓનું પ્રતિનિધિત્વ કરી ગૌરવ વધાર્યું છે. ઝૂમ એપ્લિકેશનથી સાંતેજ પ્રાથમિક શાળાના ૫૦ બાળકો ઓનલાઈન જોડાયા હતા. ગોવા ખાતે આંતરરાષ્ટ્રીય વિજ્ઞાનમેળાનું આયોજન હતુ જેમાં ઘણી પ્રવૃત્તિઓમાંથી એક પ્રવૃત્તિ હતી 'રેઈન વોટર હાર્વેસ્ટિંગ એન્ડ કન્ઝર્વેશન'. જેનું મોડેલ બનાવીને ખૂબ સરસ પ્રદર્શન કર્યુ હતુ. આ કાર્યક્રમને સફળ બનાવવા સાંતેજ પ્રાથમિક શાળાના આચાર્ય શ્વેતલબેન પ્રજાપતિ, ઈવેન્ટના કો-ઓર્ડિનેટર સ્નેહલબેન જોષી તેમજ શાળાના તમામ શિક્ષકોએ વિદ્યાર્થીઓને ઉચ્ચ માર્ગદર્શન આપી શાળાનું નામ ગિનીસ વર્લ્ડ રેકોર્ડમાં અપાવી ઉંચી સિદ્ધી હાંસલ કરેલ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ શાળા પરિવારે વિજ્ઞાન ગુર્જરીના કાર્યકર્તા અક્ષય જોષી, જીજ્ઞેશ બોરીસાગર, હિરેન રાજ્યગુરુનો આભાર વ્યક્ત કર્યો હતો.

આજે સેકટર-૧૯ ખાતે સુંદરકાંડ પાઠનું આયોજન

ગાંધીનગર, તા.૧૮

આજે સેકટર-૧૯ ખાતે જાડેજા પરિવારના નિવાસસ્થાને સુંદરકાંડ પાઠનું આયોજન કરેલ છે. પ્લોટ નં. ૧૫૬માં આજે ૬.૦૦ કલાકે જાડેજા પરિવારના નિવાસસ્થાને ગોસ્વામી સંજયભારતી મહારાજની વ્યાસપીઠે યોજાશે તો સૌ નગરજનોને પધારવા સુંદરધામ પરિવારે હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

પંચદેવ મંદિર ખાતે આજે શ્રીમદ ભાગવદકથાનો બીજો દિવસ

ગાંધીનગર, તા.૧૮

પંચદેવ મંદિર ખાતે ત્રિદિવસીય શ્રીમદ ભાવગત કથાનું આયોજન કરેલ છે. જેમાં આજે બીજા દિવસે ભારતીબાપુના વ્યાસાસને નૃસિંહ ભગવાનનું પ્રાગટય કથા અને કૃષ્ણલીલા કથા યોજાશે. જે બપોરના ૨ થી ૫ કલાકે આયોજીત કરી છે. જેથી સૌ નગરજનોને પધારવા હાર્દિક નિમંત્રણ સુંદરધામ પરિવાર તરફથી આપેલ છે.

જે.એમ.પી. ગોપાલક વિદ્યા સંકુલ ખાતે સલાડ ડેકોરેશન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૮

જે.એમ.પી. ગોપાલક વિદ્યા સંકુલ ખાતે સલાડ ડેકોરેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાયમરી વિભાગના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ફળો અને શાકભાજીની સલાડની ડીશો સુંદર રીતે તૈયાર કરી હતી. વિદ્યાર્થીઓ પૌષ્ટીક આહાર ખાતા શીખે તે માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ટ્રસ્ટી જગતભાઈ શાહ, મહેન્દ્રભાઈ પ્રજાપતિ તથા પ્રકાશભાઈ વાઘેલાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.